# ધાનેરા-થરાદ હાઈવે પરનો રોડ વરસાદી વહેણમાં ધોવાયો

જિલ્લામાં હવામાન વિભાગની આગાહી મુજબ મેઘમહેર યથાવત છે .એ જેમાં



રાજસ્થાન નાં આબુ અને પીડવાડામાં પડેલ ભારે વરસાદ થી બનાસનદી સજીવન થઈ છે .જેનુ પાણી જિલ્લા માં ખેડુતો માટે જીવાદોરી સમાન દાંતિવાડા ડેમમાં ઠલવાય છે .જેથી ખાલી ખમ દાંતિવાડા ડેમ માં નવા પાણી ની આવક નોંધાઈ છે .જોકે જિલ્લા માં લોકોને દાંતિવાડા ડેમ માં નવીન પાણીની આવક ની ખબર પડતાં દૂર દૂર થી લોકો ડેમ સાઈટ પર પહોચ્યા હતાં અને વરસાદ થી છવાયેલો કુદરતી નજારો જોઈ ખુશ થયા હતાં.

બનાસકાંઠા માં ૧૪ જુલાઈ ની રાત્રિ થી સરૂ થયેલ વરસાદ ૧૫ જુલાઈ બપોર સુધી યથાવત રહ્યો હતો .જેમાં બનાસકાંઠા માં બારે મેઘ ખાઁગા થતા ૧૪ તાલુકા માં નોંધપાત્ર વરસાદ નોંધાયો હતો. જેમાં દાઁતા અને ડીસા માં અંદાજીત ૫ ઈંચ જ્યારે અન્ય તાલુકાઓમા પણ નોંધપાત્ર વરસાદથી ખેડૂત આલમમાં ખુશીનો માહોલ છવાયો હતો. અમીરગઢ - ૯૫, ભાભર - ૨૦, દાઁતા -૧૩૦, દાંતિવાડા - ૯૩, ધાનેરા -૬૦, દિયોદર -૪૦, ડીસા -૧૧૭, કાંકરેજ -૪૫, પાલનપુર -૪૭, થરાદ -૩૬, વાવ -૧૫, વડગામ -૪૮, સૂઈગામ - ૫૬, લાખની -૩૫ મિલીમીટર વરસાદ છેલ્લાં ૨૪ કલાક માં નોંધાયો હતો.

જોકે દાંતિવાડા ડેમ ની હાલ ની જલ સપાટી ૫૬૦.૩૦ નોંધાઈ છે જ્યારે ડેમ ની ભયજનક સપાટી ૬૦૪ છે .હાલ પાણીની આવક ૩૪૭૭ ક્યુસેક છે.અને ડેમ ટકાવારી માં માત્ર ૧૫.૭૬ ભરાયો છે.એટલે કે દાંતિવાડા ડેમ અંદાજીત ૮૫% ભરાવવાનો બાકી છે.જ્યારે સીપુ ડેમના ઉપરવાસમા ભારે વરસાદ થતાં ડેમની સપાટી ૫૭૮ ફૂટે પહોંચી છે અને સિપુડેમમાં નદીમાં નવા નીર આવતા ૩ ફૂટ નવી સપાટી નોંધાઈ હતી.જ્યારે સીપુ નદીમાં ૫૩૦ ક્યુસેક પાણી આવક ચાલુ રહી છે.જોકે સીપુ ડેમ મા હાલ માત્ર ૧૦% પાણી છે અને ડેમ ૯૦% ખાલી છે.

જયારે બનાસકાંઠા મા વ્યાપક વરસાદ થી અનેકોં જગ્યાએ રોડ રસ્તાઓ નું પણ ધોવાણ થયુ છે જેમાં ધાનેરા -થરાદ હાઈવે પરનો ડામર રોડ તૂટતા વાહન વ્યવહાર અસરગ્રસ્ત બન્યો હતો અને ધાનેરા થી થરાદ તરફનો



વાહન વ્હેવહાર અટવાયો હતો .જેમાં ધાનેરાથી થરાદ તરફના ગામડામાં નોકરી કરનાર શિક્ષકો પણ અટવાયા હતાં.અત્રે ઉલ્લેખનિય છે કે વર્ષ ૨૦૧૫ માં આવેલા વિનાશક પૂર માં હાલ નો આ રોડ ટુટ્યો હતો .જેનુ નવીન સમારકામ બે વર્ષ પહેલા જ થયુ હતુ.જોકે માત્ર બે વર્ષ નાં ટૂંકા સમયમાં આ કોઝવે તૂટી પડતા તેની કામગીરી અને ગુણવત્તા પર અનેક સવાલો ઉભા થયા છે.

જોકે ભારે વરસાદને પગલે ગુજરાતના દરેક જીલ્લાઓમાં એલર્ટ છે ત્યારે ભારે વરસાદના પગલે બનાસકાંઠા જીલ્લાનું વહીવટી તંત્ર પણ સાબદું થઈ ગયું છે. જીલ્લામાં ભારે વરસાદના પગલે કોઈ તારાજી ન સર્જાય તે માટે સ્થાનિક તંત્ર દ્વારા એલર્ટ આપવામાં આવ્યું છે. જીલ્લા વહીવટી તંત્ર દ્વારા તકેદારીના ભાગ રૂપે જીલ્લામાં NDRF ની ટીમને પણ બોલાવવામાં આવી છે.

છેલ્લા ૨૪ કલાકમાં જીલ્લામાં ભારે વરસાદ પડતા સ્થાનિક તંત્ર એલર્ટ બન્યું છે. કોઈપણ પ્રકારની સ્થિતિને પોહચી વળવા માટે સ્થાનિક તંત્ર દ્વારા NDRF ની ટીમને પાલનપુર ખાતે સ્ટેન્ડ ટુ કરવામાં આવી છે. જીલ્લામાં કોઈપણ જગ્યાએ વરસાદને લઈ સમસ્યા સર્જાય તો તાત્કાલિક ધોરણે લોકોને મદદ કરી શકાય તે માટે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા NDRF ની ટીમને બનાસકાંઠા જીલ્લામાં સ્ટેન્ડ ટુ કરવામાં આવી છે.

જેમાં NDRF ટીમ પ્રશાંત શુક્લા સબ ઈન્સ્પેક્ટરે જણાવેલ કે તકેદારીના ભાગ રૂપે અમોને વડી કચરીના આદેશથી અમે બનાસકાંઠા જીલ્લામાં સ્ટેન્ડ ટુ છીએ તેવું જણાવ્યુ હતુ. જોકે જિલ્લામાં શ્રીકાર વરસાદથી ખેડુતોમાં ખુશી છવાઈ હતી.

## બનાસકાંઠામાં ૩૫ જવાનોની એનડીઆરએફ ટીમ તૈનાત

સરહદી બનાસકાંઠા જિલ્લા માં બે વર્ષ અગાઉ પચિમ વિસ્તાર માં વરસાદ એ તારજી સર્જાતા જળબંબાકાર જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી તેમજ બચાવ કાર્ય માટે જિલ્લા ના વહીવટી તંત્ર તેમજ સરકાર દ્વારા હેલીકૉપટર બોલવાની ફરજ પડી હતી અને અનેક લોકો ને



એનડીઆરએફ ના જવાનો એ જીવન ના જોખમેં લોકો ને પાણી માં ડૂબતા બચાવ્યા હતી જો કે આ વખતે પણ હવમાન ખાતા ના અતિભારે વરસાદ ના લીધે જિલ્લાનું વહીવટી તંત્ર એલર્ટ થઈ ગયું છેઅતિ ભારે વરસાદ ના અગમચેતી ના ભાગ રૂપે એનડીઆરએફ ટીમ ને તૈનાત કરવામાં આવી છે આજે પાલનપુર ના સર્કિટ હાઉસ ખાતે બચાવ કાર્ય માટે ૩૫ જવાનોની એનડીઆરએફ ટીમ ઉતરી હતી ખાસ કરી આ ટિમ દ્વારા દાંતીવાડા,ડીસા તેમજ દાંતા માટે અનામત રાખવામાં આવી છે જેમાં એકસાથે એનડીઆરએફ ના ૩૫ જવાનો ખડે પગે હાજર રહશે તેમજ અગાઉ ના બે વર્ષ પહેલા ના વહિવટીતંત્ર ના અનુભવ ના આધારે બોલાવવામાં આવી છે.





## અરવલ્લી જિલ્લામાં સામાન્ય વરસાદ

ગુજરાતના વિવિધ વિસ્તારોમાં મેઘરાજા રૌદ્રરૂપે વરસી રહ્યા છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં સામાન્ય વરસાદ નોંધાયો છે. જો કે જિલ્લાના ભીલોડામાં છેલ્લા ચોવીસ કલાકમાં બે ઈંચ વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદની આગાહીના પગલે અરવલ્લી જિલ્લાનુ વહીવટીતંત્ર સાબદુ થઈને બેઠુ છે. પરંતુ જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાકમાં સામાન્ય વરસાદ નોંધાતા તંત્ર હળવાસ અનુભવી રહ્યું છે.

## મહેસાણા જિલ્લામાં બે દિવસથી મેઘમહેર

મહેસાણા, તા. ૧૫

મહેસાણા જિલ્લામાં છેલ્લા બે દિવસથી સતત હળવાથી મધ્યમ વરસાદ પડતાં ખેડૂતવર્ગમાં આનંદની લાગણી પ્રસરી છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન મહેસાણા જિલ્લામાં બે થી ત્રણ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. જેમાં સૌથી વધુ ઊંઝા તાલુકામાં લગભગ ત્રણેક ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જ્યારે સૌથી ઓછો વરસાદ બેચરાજી તાલુકામાં થયેલ છે. જિલ્લા મથક મહેસાણામાં ૪૫ મી.મી., વડનગરમાં ૩૦ મી.મી., ખેરાલુ ૪૦ મી.મી. કડી ૨૬ મી.મી., વિજાપુર ૫૦ મી.મી., વિસનગર-૫૦ મી.મી., સતલાસણા ૬૦ મી.મી. જોટાણા તાલુકામાં ૩૫ મી.મી. જેટલો વરસાદ થયો છે. જિલ્લાના સતલાસણા તાલુકામાં આવેલ ધરોઈ બંધમાં વરસાદી પાણીની આવક થતાં જળાશયમાં પાણીની સપાટી ૧૮૧.૮૬૦ મીટર થવા પામી છે.

## ભિલોડા તાલુકામાં ધીમી ધારે ઝરમર ઝરમર વરસાદ

ભિલોડા,તા.૧૫

ભિલોડા તાલુકામાં વરસાદે વિરામ લીધા બાદ અસહ્ય બાફ,



ઉકળાટનું પ્રમાણ વધતાં પ્રજાજનો પરેશાન થઈ ગયા હતા. હવામાન વિભાગની આગાહી મુજબ આકાશમાં કાળા ડીબીંગ વાદળો ઘેરાયા પરંતુ વરસાદે હાથ તાળી આપી હોય તેમ ઝરમર ઝરમર ધીમી ધારે વરસાદ બીજા રાઉન્ડમાં વરસતાં વાતાવરણમાં મહંદ અંશે ઠંડક પ્રસરી હતી.

ભિલોડા તાલુકામાં ધીમી ધારે ઝરમર ઝરમર વરસાદ વરસતાં મુરઝાતા ખેતીના પાકો મકાઈ, તુવેર, કપાસ, મગફળી, સોયાબીન સહિત વિવિધ પાકોને જીવતદાન મળતાં ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી છે. ભિલોડામાં ઠેર-ઠેર નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા હતા. ભિલોડામાં વરસાદી પાણી ભરાતાં નાના બાળકોએ છબછબીયા કરવાની મઝા માણી હતી. ભિલોડામાં ગત રાત્રે વીજપુરવઠો ખોરવાતાં પ્રજાજનો હેરાન પરેશાન થઈ ગયા હતા. ભિલોડા મામલતદાર કચેરી ફ્લડ કંન્ટ્રોલ વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ ગત રોજ ૪૮ મી.મી. વરસાદ નોંધાયો હતો. ભિલોડા તાલુકાનો આજ દિન સુધીનો ૨૩૭ મી.મી.વરસાદ નોંધાયો છે. ભિલોડા તાલુકામાં ઝરમર ઝરમર વરસાદથી જમીનોમાં ભેજનું પ્રમાણ વધતાં ખેડુતો વરસાદને કાચા સોના રૂપી સમજી ખેતીના કામકાજમાં પરોવાયા હતા. ભિલોડા તાલુકામાં ધોધમાર વરસાદ વરસે તેવી પ્રજાજનો આશા સેવી રહ્યા છે.

## ભિલોડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. ચેરમેનપદે નિમણુંક

ભિલોડા,તા.૧૫

ભિલોડા ગામની ધી ભિલોડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.ની વાર્ષિક સાધારણ સભામાં ચેરમેન પદે



કાંતીલાલ એન. પટેલની નિમણુંક કરાઈ છે. ધી ભિલોડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. સભાસદો, દુધ ઉત્પાદકો અને ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.

## ધંધાસણ હાઈસ્કુલમાં શાળા પંચાયતની ચૂંટણી યોજાઈ

ભિલોડા,તા.૧૫

ધંધાસણ આદિવાસી વિકાસ મંડળ સંચાલિત ધંધાસણ હાઈસ્કુલમાં શાળા પંચાયતની ચુંટણી તાજેતરમાં યોજાઈ હતી. જી.એસ. તરીકે રાજવીર દિપકકુમાર ડામોર, એલ.આર. તરીકે સંતોકબેન વિનોદભાઈ ગામેતી ચુંટાઈ આવ્યા હતા. ધંધાસણ હાઈસ્કુલ આચાર્ય, શિક્ષકો, ધંધાસણ આદિવાસી વિકાસ મંડળ પ્રમુખ દિપકભાઈ ડામોરએ જી.એસ. રાજવીર દિપકકુમાર ડામોર, એલ.આર. સંતોકબેન વિનોદભાઈ ગામેતીને બિરદાવ્યા હતા.

## સાબરકાંઠા બેંકની ૫૯મી વાર્ષિક સાધારણ સભા

સમગ્ર સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની આર્થિક ધોરી નસ સમાન તેમજ લોક હૃદયમાં સ્થાન પામેલી ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરની ૫૯મી વાર્ષિક સાધારણ સભા બોચાસણવાસી અક્ષર પુરૂષોત્તમ સ્વામીનારાયણ મંદિર, કાંકણોલ હિંમતનગર ખાતે તા. ૧૫-૭-૧૭ના રોજ બેંકના ચેરમેન મહેશભાઈ અમીચંદભાઈ પટેલના પ્રમુખસ્થાને યોજાયેલ હતી.

સાબરકાંઠા બેંક દ્વારા ડીઝીટલ બેંકીંગ ક્ષેત્રે થયેલ કામગીરી, ખેડૂતના કલ્યાણ માટે બેંક દ્વારા કરવામાં આવેલ કામગીરી તેમજ સામાજીક સુરક્ષા યોજનાઓમાં બેંકના ઉત્કૃષ્ટ દેખાવનો ઉલ્લેખ બેંકના યુવાન, ઉત્સાહી અને પ્રરણાદાયી બેંકના ચેરમેને તેમના સ્વાગત પ્રવચનમાં આપી ઉપસ્થિત તમામ સભાસદોને આવકાર્યા હતા. બેંકના સમગ્ર બોર્ડ ઓફ ડીરેક્ટર્સ, સાબરકાંઠા બેંક કર્મચારી પરિવાર અને સભાસદ મંડળીના પ્રતિનિધિઓએ બેંકના વિકાસ માટે સતત પ્રયત્નશીલ ચેરમેન મહેશભાઈ અમીચંદભાઈ પટેલને ગુજકોમાસોલના નિયામક મંડળમાં ડીરેક્ટર તરીકે જવલંત વિજય મેળવવા બદલ ફૂલહાર, પુષ્પગુચ્છ, શાલ, મોમેન્ટો અર્પણ કરી અભુતપૂર્વ સન્માન કરેલ. વિશેષમાં બેંક દ્વારા ડીઝીટલ બેંકીંગના અભિગમને અનુરૂપ માઈક્રો એટીએમના માધ્યમથી જન સામાન્યની સેવા કરનાર પાંચ શ્રેષ્ઠ સહકાર સાથી વ્યક્તિઓનું બેંકના ચેરમેન દ્વારા પુષ્પ ગુચ્છ અર્પણ કરી શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

## ભિલોડા તાલુકાના ચિબોડા, ખુમાપુર ગામમાં નાણાંકીય સાક્ષરતાનો કેમ્પ યોજાયો

ભિલોડા,તા.૧૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ચિબોડા, ખુમાપુર ગામમાં નાણાંકીય સાક્ષરતાનો કેમ્પ યોજાયો હતો. અરવલ્લી જીલ્લાના એફ.એલ.સી. બાબુભાઈ ખરાડી અને બેંક ઓફ બરોડા, ભિલોડા શાખા મેનેજર સુનીલ પ્રણામી, સુમિત કોટવાલ, સોયેબ મનસુરી સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પ્રધાનમંત્રીની યોજનાઓ સંદર્ભે માહિતી આપી હતી. જન ધન યોજના, પ્રધાનમંત્રી જીવન વિમા યોજના સહિત વિવિધ યોજનાઓ સંદર્ભે પ્રજાજનોને માહિતી આપી હતી. ચિબોડા, ખુમાપુર ગામમાં પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી.



## ભિલોડામાં ૧૧મો સર્વરોગ નિદાન, સારવાર કેમ્પ યોજાયો

ભિલોડામાં સ્વ.લક્ષ્મીબેન પરમાર ફિમેલ હેલ્થ વર્કરના ત્રીજા વાર્ષિક નિર્વાણ દિન નિમિત્તે તેમની બે ડૉક્ટર દિકરીઓ ધ્વારા માતૃઋણ અદા કરવા સંદર્ભે ૧૧મો શ્રધ્ધાંજલી નિઃશુલ્ક નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો.દર્દીઓએ નિઃશુલ્ક સારવાર અને નિદાન કરાવી દવાઓ નિઃશુલ્ક અપાઈ હતી. ભિલોડા લક્ષદિપ હેલ્થ કેર ધ્વારા સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પમાં ભિલોડા સહિત ગ્રામ્યવિસ્તારના દર્દીઓએ લાભ લીધો હતો. સ્વ.લક્ષ્મીબેન પરમાર, ફિમેલ હેલ્થ વર્કરને શ્રધ્ધાંજલી આપવા સંદર્ભે બંન્ને દિકરીઓ ડૉ.શૈલદેવ સાહેબ, ડૉ.વિશાલદેવ સાહેબએ માતૃઋણ અદા કરવાના મુખ્ય ઉદેશ સાથે ભિલોડા સહિત ગ્રામ્યવિસ્તારોમાં નિઃશુલ્ક સારવાર અને નિદાન કેમ્પ કરવાનો સંકલ્પ લીધો છે. લક્ષદિપ હેલ્થકેર ધ્વારા આજ દિન સુધીમાં અગીયાર સારવાર નિદાનના કેમ્પ પુર્ણ કરેલ છે. દર્દીઓને નિઃશુલ્ક તપાસ,નિદાન અને નિઃશુલ્ક દવાઓનું વિતરણ કરાયું હતું.

## ભિલોડા સેવા સહકારી મંડળી લી. ચેરમેનપદે નિમણુંક

ભિલોડા,તા.૧૫

ભિલોડા ગામની ધી ભિલોડા સેવા સહકારી મંડળી લી.ની વાર્ષિક



સાધારણ સભામાં ચેરમેન પદે ભીખાભાઈ કે. પટેલની નિમણુંક કરાઈ છે. ધી ભિલોડા સેવા સહકારી મંડળી લી. સભાસદો અને ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.

## સીસોદરા ગામે ૩૫ વર્ષીય યુવક પર દિવાલ ધસી પડતા સારવાર દરમિયાન મોત

અરવલ્લી, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના સીસોદરા(અ) ગામે ગુરૂવારના રોજ ૩૫ વર્ષીય યુવક પર



પોતાના જ મકાનની દિવાલ ધરાશયી થતાં યુવાનનુ સારવાર દરમિયાન મોત નીપજતાં સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી છે.

સીસોદરા(અ) ખાંટ ફળિયામાં રહેતા રસીકભાઈ ખાંટ પોતાનુ નવુ મકાન બનાવી રહ્યા હોવાથી સિમેન્ટના ગચીયાથી બનાવેલ ઘરની બે દિવાલોનુ ચણતર ચાલુ હતુ પરંતુ કામમાં વરસાદના કારણે વિઘ્ન ઉભુ થતુ મકાન પર નળીયા ચઢાવવાના હતા ત્યારે વરસાદથી બચવા ઘર ઉપર પ્લાસ્ટીકની ટાટપત્રી નાખી રસિકભાઈ પોતાના પરીવાર સાથે ઘરમાં સુઈ રહ્યા હતા તે દરમિયાન અચાનક વરસાદના કારણે દિવાલ ધરાશયી થતાં દિવાલની બાજુમાં સુઈ રહેલ રસિકભાઈ ઉપર દિવાલના ગચીયા પડતા રસિકભાઈ ગંભીર રીતે ઘવાયા હતા જેથી તેઓને સારવાર અર્થે મેઘરજની ખાનગી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા અને શરીરે વધુ ઈજાઓ જણાતા મોડાસા લઈ જવાયા હતા. જ્યાં હાજર તબીબે રસિકભાઈ કાંતિભાઈ ખાંટ ઉં.વ. આ. ૩૫ને મૃત જાહેર કરતા સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઈ હતી.

## હિંમતનગર તાલુકાના ત્રણ ધાર્મિક સ્થળોને જોડતો નવીન માર્ગ બનાવવા માંગણી

ભિલોડા,તા.૧૫

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના ત્રણ ધાર્મિક સ્થળોને જોડતો નવિન માર્ગ બનાવવા પ્રજાજનોની પ્રબળ લોમાંગણી ઉઠવા પામી છે. હિંમતનગર તાલુકાના ત્રણ ધાર્મિક સ્થળ જગતપુરા, હુંજ, ધુલેટા સુધીનો પાકો ડામર માર્ગ બનાવવા પ્રજાજનોની તીવ્ર લોકમાંગણી છે. આ વિસ્તારના ગ્રામજનોને પાકો રસ્તો ના હોવાના કારણે ભારે હાલાકી ભોગવી રહ્યા છે. હિંમતનગર ધારાસભ્યને વારંવાર રજુઆતો કરવા છતાં આજ દિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી તેમ જાગૃત પ્રજાજનોએ જણાવ્યું હતું. નવિન પાકો માર્ગ બનાવના બાબતે તંત્ર ધ્વારા પ્રજાજનોની ઘોર ઉપેક્ષા થતી હોવાના કારણે આ વિસ્તારના પ્રજાજનોમાં તંત્ર સામે ભારે રોષ પ્રર્વતી રહ્યો છે. વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા પાકો ડામર માર્ગ મંજુર થઈ ગયાની વાતો થઈ રહી છે પરંતુ નવિન માર્ગ બનાવવાનું આયોજન કેમ હાથ ધરાતું નથી તેમ લોકમુખે ચર્ચાય છે. સત્વરે ડામરનો નવિન માર્ગ નહી બને તો આ વિસ્તારના પ્રજાજનો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન ઉપર ઉતરવાનું વિચારી રહ્યા હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

ગાંભોઈ થી ભિલોડાને જોડતો શોર્ટકટ માર્ગની માંગણીઓનો દોર ચાલું છે. નવિન પાકો માર્ગ બનાવવા ચાર-પાંચ વખત નરેગા યોજના હેઠળ માટી કામ અને મેટલ કામ થઈ ગયેલ હોય ફક્ત ડામર અને ડીપ ગરનાળા કામોની કાર્યવાહી બાકી છે ત્યારે નિન માર્ગ બનાવવામાં કેમ આળસ રાખવામાં આવે છે તેમ લોકમુખે ચર્ચાય છે.

હિંમતનગર થી ભિલોડા કાયમી અવરજવર કરતા મુસાફરો માટે સમય બચે અને આઠથી દસ કિ.મી.નો ફેરો ન ફરવો પડે તેમજ જગતપુર થી હુંજ મહાકાલી મંદીરથી ધુલેટા, વાંટડી, ભિલોડાના માર્ગને જોડતો નવિન માર્ગ સત્વરે બને તેવી પ્રજાજનોની લોકમાંગણી છે.